# કાવ્યસૃષ્ટી

## ગુણવન્ત વૈદ્ય

### .1.

સફળ થવાને ધમાલ જગમાં,
ગજબ સમયના સવાલ જગમાં.

અજીબ તરકટ અગલબગલ છે,
મચાવવાને બવાલ જગમાં.

ગુના વીના દંડ ન્યાય આપે,
અજબગજબ ગોલમાલ જગમાં.

કળી નીરખતાં સમજ વીસરતાં,
ભ્રમર બીચારો હલાલ જગમાં.

ભ્રમર સરીખા મનેખ જગમાં,
કરે ઘણા પાયમાલ જગમાં.

સમજ વીફળને સફળ બનાવે,
ખરી કરે છે કમાલ જગમાં.

## .2.

અકારણ છે ભટકનારા, ભટકવા દે,
ઘણા ખરડાય છે વાઘા, ખરડવા દે.

કરીને બંધ આંખો ચાલનારાના,
નસીબે છે રખડવાનું, રખડવા દે.

વીકાસી યાતરા બેઠા ઘણા માની,
બગાડે આજ ને કાલો, બગડવા દે.

સીપાહીને પકડવા ચોર પાછળ છે,
જમાદારી ગજબની છે, પકડવા દે.

કળીના કાળમાં ભોરીંગ કાળા છે,
મળે તો મારજે, અથવા કરડવા દે.

સમયનો આ તકાજો એ નહીં માને,
દબાવી હોઠ કરડે છે; મરડવા દે.

જુની આંખો નવાં નાટક નીહાળે છે,
અનુભવના ખજાના છે, સબડવા દે.

## .3.

મુખડું ચાડી કરે છે તાજગી ચાલી ગઈ,
ભાલના ચાંદે ઠરેલી બંદગી ચાલી ગઈ.

વર–વધુ થઈ જે દીલો આનંદથી હીલ્લોળતાં,
એક પળમાં તો બધી આવારગી ચાલી ગઈ!

રંગ મેંદીનો હજી પાકો હથેળી પર હતો,
ક્યાં હવે એની શીકાયત? જીન્દગી ચાલી ગઈ!

જે બની સંગીત કાનોમાં હતી કીલ્લોલતી,
વાત સૌ એના સજનની ખાનગી ચાલી ગઈ.

ધ્વજ ઓઢેલી શહીદીનો ટહુકો ત્યાં થયો,
'હું ગયો'; પણ ના, નથી દીવાનગી ચાલી ગઈ.

પીઠ પાછળ વાર કરનારા હવે બચશે નહીં,
આખરે નાપાકની મરદાનગી ચાલી ગઈ.

## .4.

માનવ બનવાને કાજે ભઈ, થા ઉભો તું,
દાનવ હણવાને કાજે ભઈ, થા ઉભો તું.

બેસીને વાતો તો ભૈલા, ખુબ કરી તેં,
કામો કરવાને કાજે ભઈ, થા ઉભો તું.

જોને દાવાનળ સળગે છે ચારેબાજુ,
જળને ધરવાને કાજે ભઈ, થા ઉભો તું.

‘આ મારું, આ તારું’ એ નાતાઓ તોડ્યા,
‘હું’થી લડવાને કાજે ભઈ, થા ઊભો તું.

વાતો કાંડાના કૌવતની તો તેં કીધી,
જંગે ચડવાને કાજે ભઈ, થા ઉભો તું.

જીવનની નૌકાને રાખી સામા પવને,
સાગર તરવાને કાજે ભઈ, થા ઉભો તું.

જીવન છે દેવું ને આવકમાં છે મીંડું,
દેવું ભરવાને કાજે ભઈ, થા ઉભો તું

## .5.

હું ફરેબી જીન્દગી ટાળ્યા કરું,
સાંભળેલી વાતને ગાળ્યા કરું.

વ્હેમનું આ જગ મહીં ઓસડ નથી,
પાઠ શીખેલા બધા પાળ્યા કરું.

લાભ આવે કે પછી હાની ભલે,
ચોતરફ આનંદ નીહાળ્યા કરું.

જે ગરીબીમાં ઘડાતા માનવો,
તે અમીરીને સતત ભાળ્યા કરું.

જે કહે, 'કુટુમ્બ સઘળી છે ધરા',
તેમના સમ્બન્ધ પંપાળ્યા કરું.

રક્તના સમ્બન્ધથી પણ છે વધુ,
એમના પર હેત ઓગાળ્યા કરું.

## .6.

સમજદાર થઈને ભણી જો જગતમાં,
ફરી એકડાઓ ગણી જો જગતમાં.

કુટુમ્બે, નીશાળે, ચમકદાર મોતી,
સમાજે રહ્યાં તે વણી જો જગતમાં.

અસલમાં નકલ તો મળે છે નગદમાં,
મફતમાં મળે લાગણી જો જગતમાં.

જડે 'હું'પણું; પણ જડે ક્યાંય ના જે,
હરીની જડે છે કણી જો જગતમાં.

ભણ્યા પાઠ ભુલી જતાં વાર ક્યાં છે?
ઈમારત સમજની ચણી જો જગતમાં.

## .7.

વેગથી સરકી રહી છે જીન્દગી,
દુ:ખમાં મલકી રહી છે જીન્દગી.

કોણ ક્યારે ઉઠશે કોને ખબર?
મુછમાં મરકી રહી છે જીન્દગી.

વીત, દારા ને સુરા પામ્યા પછી,
ઘેનમાં છલકી રહી છે જીન્દગી.

ને પળેપળ દોડતી રહીને સદા,
શુન્યમાં ગરકી રહી છે જીન્દગી.

નાનકું; પણ માનવી જીવન ઘડી,
ધ્વજ સમી ફરકી રહી છે જીન્દગી.

## .8.

રહ્યું જે બંધ પાને વ્યાકરણ, તે વેદ લાગે છે,
અછુતા શેં મરોડો એ કર્યા, તે ભેદ લાગે છે.

કીતાબેથી મરોડો શ્વાસ કાજે તરફડે, જોયું
કરી રુદન કહે છે, 'આકરી આ કેદ લાગે છે.'

'લગાગાગા સમજનો ખેલ ડાબા હાથ કેરો છે,'
સમજ એવી કરે એની સમજમાં છેદ લાગે છે.

કડી જડશે સફળતાની, જરી વાંચન કરી તો જો,
રહે જો ધુળ ગ્રંથે તો ખરેખર ખેદ લાગે છે.

મરોડો 'પીંગળીબૃહદ' ઉપાડી ધુળ કાઢું તો,
નીજાનંદી જગત કરવા વહ્યો પ્રસ્વેદ લાગે છે.

## .9.

(શીખરીણી)

ધરાના ભુકંપે, રમત રમતાં બાળક મરે,
અમારા હૈયામાં, ચરરર તીરાડો અવતરે.

અને તું બેઠો કાં, સમય બલીહારી નીરખતો,
નવું જીવન દેવા, અવર જન ના'વે ખરખરે.

રડીને થાકીને, તવ ચરણમાં લોક નમતાં,
પીતા, માતા છે તું, જગતજન સાચું કરગરે.

સહારો કોનો છે, લગભગ બધાં એક દુઃખમાં,
વીખેર્યાં કુટુમ્બો, ડર અલગતાનો પણ ખરે.

છતાં આ તે કેવા, જગત પર શ્રાપો વરસતા,
અમારી ભુલોને, રમત સમજી શેં ન વીસરે?

પીતા થૈ સંતાયો, વીહવળ બને ના અગર તું,
જવું કોની પાસે, સમયસર જે સૌ દુ:ખ હરે.

## .10.

કામને વાંધા જડે, એવું બને,
સો દલીલો આખડે, એવું બને.

કોઈ રાહુ કે શની નડતા નથી,
જાતના ફાંકા નડે, એવું બને.

દાઝવા પર ડા'મ દેવા રોફમાં,
કોઈ આયોજન ઘડે, એવું બને.

છળકપટ સંસારમાંથી કાઢતાં,
ગણ* પતીઓ પણ પડે, એવું બને.

જે રખોપું છોડનું વાડો કરે,
ચીભડાં ખાવા ચડે, એવું બને.

ટેકરી ચડવા ઈરાદો તું કરે,
ઉંબરો દેખી રડે, એવું બને.

ચાંદ પર પુગી ગયો છે માનવી,
તારલા પણ લડે, એવું બને.

જીતવા નીર્ધાર તારો હો અચલ,
તો જીતે કામો વડે, એવું બને.
(ગણ=સમુહ, ગણપતી=સમુહના પતી = નેતાઓ)

## .11.

ફાયદા સાચા જડે, તોયે ઘણું,
માનવી જો ના નડે, તોયે ઘણું.

લોભ લાલચના હીસાબોને ગણી,
દાખલે ખોટે રડે, તોયે ઘણું.

હાથમાં મોતી પકડવા સાગરે,
હાથ બાંધી ના પડે, તોયે ઘણું.

તારલી થાવા ગગન ઉપર ચડી,
રાત સાથે જો લડે, તોયે ઘણું.

નાનકો સુરજ બની અજવાળવા,
આભ ઉંચો જો ચડે, તોયે ઘણું.

નેક ઘડવૈયો બનીને જો ખરો,
માનવી નાનો ઘડે, તોયે ઘણું.

ગુણવંત વૈદ્ય

સર્જકસમ્પર્ક :


Gunvant Vaidya,

42-Lemox Road, Hill Top, West Bromwich, B70 0QT - UK

Telephones : +44 7958736682, +44 1215052835

Whattsapp No : 44 7958736682

eMail : gunvantvaidya@outlook.com

Facebook : https://www.facebook.com/gunvant.vaidya


@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : બારમું – અંક : 367 – 05 February, 2017

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,31,86,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 71,29,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 8,99,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 4,63,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

@@@@@@@@@